Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

11 મે, 2021/7193

પ્રતિ,
**શ્રી વિજયભાઈ રૂપાણી**
**માનનીય મુખ્યમંત્રીશ્રી,**
ગુજરાત સરકાર
ગાંધીનગર

**વિષય : MSME માટે જરૂરી રાહત આપવા અંગે**

આદરણીય સાહેબ,

GCCI તરફથી શુભેચ્છાઓ.

કોવિડ -19 ની બીજી લહેર ની પરિસ્થિતિ ખુબજ જ દુઃખદાયક અને ગંભીર છે. ગત વર્ષની તુલનાએ પરિસ્થિતિ ખુબ વિકરાળ લાગે છે, પરંતુ સંક્રમણને અંકુશમાં લેવા રાજ્ય દ્વારા જે સંકલિત પ્રયાસો કરાવમાં આવ્યા છે, તે આવકારદાયક છે. જીવન જરૂરી દવાઓ નું વિતરણ હોય કે, ઓક્સિજન નું વિતરણ કે પછી રસીકરણ અભિયાન, આપશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતની પરિસ્થતિ ખુબજ સારી રહી છે. અમે સકારાત્મક છીએ કે આ બધા પ્રયત્નો ટૂંક સમયમાં જ આ મહામારીને કાબુમાં કરવાના ફળદાયી પરિણામો લાવશે.

કોરોનાની બીજી લહેર ને કારણે દેશની પરિસ્થતિ ઉદ્યોગ અને વેપાર માટે વધુ વિકટ બની છે અને ફરી એક વખત ઉદ્યોગો 50% ની ક્ષમતા પર પણ નથી ચાલી રહ્યા. હાલની પરિસ્થતિને કારણે માંગમાં ઘટાડો થયો છે જેના કારણે નવા ઓર્ડર નથી મળી રહ્યા અને સમયસર પેમેન્ટ પણ નથી આવી રહ્યા જેના કારણે રોકડ પ્રવાહ પર વિપરીત અસર થઇ રહી છે.

રાજ્યના ઉદ્યોગોને આ ગંભીર સંજોગોમાં થોડી રાહત મળી રહે તે હેતુસર થોડા જરૂરી સૂચિત પગલાં લેવા અમે વિનંતી કરીએ છીએ.

1. સાહેબશ્રી, અમે સરકારશ્રીને વિનંતી કરીએ છીએ કે ગુજરાત ગેસ લિમિટેડ ને નિર્દેશ આપવામાં આવે કે આગામી 6 મહિના સુધી ગેસ વપરાશ મુજબ જ બિલ વસુલવામાં આવે અને લઘુત્તમ કનેક્શન ચાર્જ મુજબ બિલ ન બનાવવામાં આવે.

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

2. ગુજરાત રાજ્યની વીજ DISCOMs ને આગામી 6 મહિના માટે ફક્ત વીજળી વપરાશ મુજબની જ ચુકવણી વસુલ કરવા અને લઘુત્તમ કનેક્શન ચાર્જ મુજબ બિલ ન બનાવવા માટે નિર્દેશ આપવામાં આવે.
3. વધુમાં, અમે સરકારને વિનંતી કરીએ છીએ કે ગુજરાત ગેસ અને વીજ DISCOMs બંનેને આગામી 6 મહિના માટે વ્યાજ-મુક્ત ચૂકવણી માટે 60 દિવસ ની સમય-મર્યાદા આપવી જોઈએ.

આપ અમારી ઉપર્યુક્ત રજૂઆતોને ધ્યાને લઇ ને સકારાત્મક અને ઝડપી નિરાકરણ લાવશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**